


# પાંદડાની હોડી!

એક હતું સરોવર.
એના કાંઠે એક મોટો વડ.
વડની એક ડાળ પર માળો.
માળામાં એક કબૂતર રહે.
વડના થડ પાસે એક દર.
એ દરમાં એક કીડી રહે.

ચોમાસું બેઠું.
એક દિવસ ખૂબ વરસાદ પડ્યો.
સરોવર છલકાઈ ગયું.
કીડીના દરમાં પાણી ભરાઈ ગયું.

ડાળ પર માળામાં
નિરાંતે બેઠેલા કબૂતરે જોયું :
પાણીમાં એક કીડી
તણાતી જાય છે.
બચે તેમ લાગતું નથી.





કીડીનો જીવ બચાવવા
કબૂતરે ડાળ પરથી તડ્
કરતું એક પાંદડું તોડ્યું
ને નીચે નાખ્યું.

પણ પવન એ પાંદડાને
ઉડાડતો ગયો
તે પાંદડું
કીડી તણાતી હતી ત્યાંથી
ખૂબ દૂર જઈને પડ્યું
ને તરવા લાગ્યું.

કબૂતરે તડ્ તડ્ તડ્ અનેક પાંદડાં
તોડ્યાં ને તણાતી કીડી ભણી નાખ્યાં.

છેવટે એક પાંદડું
છેક કીડીને અડકીને પડ્યું.
તણાતી કીડી
ઝટ પાંદડા પર ચડી ગઈ!

ડૂબતી કીડીના માટે
તો એ પાંદડું હોડી બની ગયું.
પાંદડાની હોડીમાં બેસીને કીડી
થોડી વારમાં તો
છેક કિનારે આવી ગઈ...

ચોમાસાના દિવસો વીતી ગયા.






એક દિવસ કીડી એના
દરમાંથી બહાર નીકળી.

ત્યાં જ ઝીણી આંખે
કીડીએ જોયું તો એક પારધી!

વડની ડાળ પર બેઠેલા
કબૂતર ભણી
તીરથી નિશાન તાકતો!

કીડી ઊંડો શ્વાસ લેતી'ક દોડી.
સડસડાટ પારધીના
પગ પાસે પહોંચી
ને ઝટ પારધીના પગે
ચટકો ભર્યો.




એ ક્ષણે
પારધીના બાણમાંથી તીર છૂટ્યું.
પણ કીડીના ચટકાના કારણે
નિશાન ચુકાઈ ગયું...
તીર કબૂતરના છેક કાન પાસેથી
પસાર થઈ ગયું-
સનનન...

તરત કબૂતર ઊડી ગયું...
કીડીએ રાહતનો શ્વાસ લીધો.

# ઊંટ કંઈ નાચ્યું છે!

એક દિવસ જંગલના રાજા સિંહની 'બર્થ-ડે' હતો.
સિંહે જંગલમાં બર્થ-ડે પાર્ટી ગોઠવી.

નક્કી કરેલા સમયે ધીરે ધીરે બધાં પ્રાણીઓ
સિંહની બર્થ-ડે પાર્ટીમાં આવવા લાગ્યાં.
વાઘ આવ્યો, વરુ આવ્યું,
વાંદરો આવ્યો, શિયાળ આવ્યું,
ઘોડો આવ્યો, રીંછ આવ્યું, લાંબું લાંબું
જિરાફ આવ્યું, ઊંટ આવ્યું,
હિપ્પો આવ્યો, ઝિબ્રા આવ્યું,
સસલું આવ્યું... નાનાં-મોટાં
અનેક પ્રાણીઓ આવ્યાં.
જે આવે તે સિંહને 'હેપી બર્થ-ડે'
કહી હાથ મિલાવે
ને નાની-મોટી ભેટ આપે.



વચ્ચે મો...ટી ગોળાકાર કેક ગોઠવેલી.
સિંહે મીણબત્તીઓને ફૂંક મારી...

બધાં પ્રાણીઓ એકસાથે
તાલીઓના તાલે બોલી ઊઠ્યાં :
'હેપી બર્થ-ડે ટૂ યુ...'
પછી સિંહે કેક કાપી...
પછી તો પાર્ટી જામી...

રીંછ કોટ-હેટ પહેરીને હાથમાં
લાકડી હલાવતું વચમાં આવ્યું.
એણે માણસના ચાળા પાડ્યા
ને બધાંને ખૂબ હસાવ્યાં.

ત્યાં શિયાળે કોઈ કેસેટ વગાડી.
ગીતના લય-તાલમાં બધાં પ્રાણીઓ
ઝૂમવા લાગ્યાં.

એક વાંદરો રંગમાં આવી ગયો...



ઊભા થઈને એણે
મનગમતી કેસેટ મૂકી.
પછી એ જોર જોરથી નાચવા લાગ્યો.
કંઈકેટલીયે 'સ્ટાઇલ'માં નાચ્યો.
કંઈકેટલાંયે હીરો-હિરોઇનના
નાચની એણે નકલ કરી બતાવી.

નૃત્ય પૂરું થતાં જ તાળીઓના
ગડગડાટથી વન આખું ગુંજી ઊઠ્યું.
સિંહે પોતાના ગળામાંથી
મોતીની માળા કાઢીને વાંદરાને
પહેરાવી ને શાબાશી આપી.

આ જોઈ ઊંટનેય મન થઈ ગયું
કે લાવ, હુંયે નાચું. એણે ડિસ્કોની
કેસેટ મૂકી ને પછી નાચવાનું શરૂ કર્યું.

એક તો ઊંટને નાચતાં આવડે નહીં.
વળી એનાં અઢારે અંગ વાંકાં...



તે એનું નૃત્ય જોઈ
બધાં કંઈ હસ્યાં છે, કંઈ હસ્યાં છે...


ઘડીમાં ઊંટ કેડ આમ હલાવે,
ઘડીમાં ડોક ઊંચી કરે, ઘડીમાં નીચી
ઘડીમાં ડોક છેક ડાબે લઈ જાય,
ઘડીમાં જમણે. વાંકાચૂંકા પગનાં
ખોટાં ખોટાં ‘સ્ટેપ’ ભરે...

શરૂમાં તો જાણે ગમ્મત થઈ.
પણ પછી બધાં ખીજાયાં.
સીટીઓ વગાડવા માંડી.
આથી ભોટ ઊંટ સમજ્યું કે
બધાં ખૂબ ખુશ થઈ ગયાં છે.
આથી ઊંટ તો વધારે રંગમાં આવ્યું
ને જોરજોરથી કેડો-ડોક હલાવી હલાવી
સાવ કઢંગું નાચવા લાગ્યું.



ઊંટને એમ કે હવે સિંહ પોતાનેય
કંઈક ઇનામ આપશે.
ત્યાં જ ગુસ્સે થયેલો સિંહ ગરજ્યો :
'બંધ... બંધ કર હવે... નાચતાં આવડતું નથી
ને મારી મશ્કરી કરે છે?'

હો-હો-હો કરતાં
બધાં પ્રાણીઓ ઊંટ તરફ
ધસી ગયાં.



સિંહે બધાંને
અટકાવ્યાં ને કહ્યું :
'ઊંટને મારશો નહીં.
એનું મોં કાળું કરો
ને પછી કાઢી મૂકો...'